E-mail: cos.specialbranch@gimal.com., Te. No. : 079 23254013

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૨૦૪૬
શાખાનું નામ: યોજના
તારીખ: 24/9/21
સહી:

ક્રમાંક:૮૮/ વિશિષ્ટ/સંપાશા//૨૦૨૧/1263-12
તા.૨૦/૦૯/૨૦૨૧

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

વિષયઃ- માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ ૯ થી ૧૨ ના બાળકોને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" માં ભાગ લેવા બાબત.

સંદર્ભઃ- ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- ૨૦૨૧-૨૨/૩૦૫તા. ૦૭/૦૯/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની બિન સરકારી તથા સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" પ્રકલ્પ ચાલી રહયો છે. ગુજરાતના ૭૨૫ કેન્દ્રો પરથી ૨,૧૦,૫૫૦ વિદ્યાર્થીઓ અને સંસ્કૃતાનુરાગીઓએ આ પરીક્ષાના માધ્યમથી સંસ્કૃત ભાષાનું અધ્યયન કરેલ છે. હવે જન જન સુધી પહોચાડવાનો સંકલ્પ છે.જે અન્વયે ગુજરાત રાજયમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહયુ છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વેચ્છાએ ભાગ લેવા પ્રોત્સાહીત કરવાના રહેશે.

પરીક્ષા પ્રણાલી

(ક) કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા ૫૦ રહેશે.
- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.
(ખ) ધોરણ- ૯ થી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઇ પણ વિદ્યાર્થીઓ તેમજ સામાજિકો આ પરીક્ષામાં ભાગ લઇ શકશે.
(ગ) અનુક્રમે પ્રવેશિકા અને પ્રદીપિકા તથા પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

પંજીકરણ પ્રક્રિયા

સંસ્થાએ ફોર્મ ભરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતોઃ-

કેન્દ્ર સંયોજકે સૌ પ્રથમ પ્રત્યેક વિદ્યાર્થીઓના નામ, જન્મ તારીખ અને કઇ પરીક્ષા આપવાની છે તેની માહિતી એકત્ર કરી લેવી. વિદ્યાર્થીઓની પરીક્ષા ફી પણ સંયોજકે મેળવી લેવી, કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે નકકી કરી લેવું. ફોર્મમાં કેન્દ્રનું નામ, કેન્દ્રસંયોજકનું પુરૂ નામ, ઇમેઇલ, મોબાઇલ નંબર, કેન્દ્રનું સરનામુ, પીનકોડ નંબર અને પ્રત્યેક પરીક્ષાદીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે વિગતો ફોર્મમાં ભરાવતા પહેલા તૈયાર રાખવી.

રજિસ્ટ્રેશન લીંક ઓપન કરવા માટે

સૌ પ્રથમ પ્રત્યેક www.samskritabharat.inવેબસાઇટ પરજવું અને ત્યારબાદ સંસ્કૃત હશે તો પ્રાંતીયજાલપુટાનીઅથવા તો અંગ્રેજી ભાષાનું ચયન કર્યુ હશે તો State-level Website ઓપ્શન ઉપર કિલક કરવું. તેમાંથી ગુજરાત પસંદ કરવું. તેમાં Register for Sanskrit Gaurav Pariksha 2021 પર કિલક કરવું. ત્યારબાદ

Scanned with CamScanner

ત્યારબાદ બે વિકલ્પ આવશે Register as Participant અને Register as Institute માંથી Register as Instituteવિકલ્પ ઉપર કિલક કરવું.

<u>રજિસ્ટ્રેશન પછીધ્યાનમાં રાખવાની બાબતો</u>

રજીસ્ટ્રેશન થઇ ગયા પછી- રજીસ્ટ્રેશન સમયે આપના દ્વારા આપેલ ઇમેઇલ આઇ.ડી. પર કન્ફર્મેશન ઇમેઇલ આવશે. જેમાં આપના કેન્દ્રની રજીસ્ટ્રેશનની વિગતો આપેલ હશે. આ વિગતોની સાથે Excel ફાઇલ પણ જોડેલી હશે. તે ફાઇલ ડાઉનલોડ કરીને બધી માહિતી ભરવાની રહેશે. તેમાં વિદ્યાર્થીઓના નામ દેવનાગરીલિપિમાં જ લખવાના રહેશે. ત્યારબાદsgpariksha@gmail.comઆ ઇમેઇલ આઇ.ડી. પર ઇમેઇલ કરવાનો રહેશે.

<u>સંસ્થા માટે પરીક્ષા શુલ્ક</u>

(૧) પ્રવેશિકા-૬૦ (૨) પ્રદીપિકા- ૬૦ (૩) પ્રમોદિકા- ૬૦ (૪) પ્રવાહિકા- ૬૦

<u>પરીક્ષા</u>

ચારેય પરીક્ષાઓ O.M.R. પધ્ધતિથી લેવામાં આવશે. તારીખ અને સમય આપને જણાવવામાં આવશે.

<u>પરિણામ અને પ્રમાણપત્ર</u>

(ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમ કે..

તૃતીય શ્રેણી: ૪૦ થી ૫૪

દ્વિતીય શ્રેણી: ૫૫ થી ૬૯

પ્રથમ શ્રેણી: ૭૦ થી ૮૪

વિશેષયોગ્યતા: ૮૫ થી ૧૦૦

(ખ) પરીક્ષા પુરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે. (પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે)

<u>સંપર્કસૂત્ર</u>

સંયોજક (ગુર્જર પ્રાન્ત), ડૉ. ગોપાલ ઉપાધ્યાય,(M) ૯૬૬૨૧૭૭૨૯૯

સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાન્ત), પ્રણવ રાજયગુરૂ,(M)૭૦૧૬૩૭૩૯૪૧

સંપર્ક નંબર:- ૦૭૯-૨૫૩૮૪૮૦૮, સમય:- ૧૦ થી ૫

Email: sgpariksha@gmail.com

ઉકત સંદર્ભીત પત્રને ધ્યાને લઇ આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨)
ગુ. રા. ગાંધીનગર

પરિપત્ર નં:- ૭૭૪

ક્રમાંક:યજન/સંસ્કૃત ગૌરવ પરીક્ષા/૨૧-૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૨૭/૦૯/૨૦૨૧

ઉંપરોક્ત પત્રની જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned with CamScanner